દાખલ તારીખ : ૦૮/૧૦/૨૦૨૨
નોંધ્યા તારીખ : ૦૮/૧૦/૨૦૨૨
ફેંસલ તારીખ : ૦૪/૦૩/૨૦૨૪
સમય ગાળો : વર્ષ માસ દિવસ
૦૧ ૦૪ ૨૫

**ના.શ્રી બીજા અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.અંજાર–કચ્છ.**
**ફોજદારી પરચુરણ અરજ નં.૨૬૧/૨૦૨૨**

આંક– ૩૮ /બી

૧. **પ્રીતીબેન વા/ઓ. સુનલભાઈ ચૌહાણ**
ઉ.વ.૩૦, ધંધો : કાંઈ નહીં, ધર્મે – હિન્દુ,

૨. **સાન્વી સુનીલભાઈ ચૌહાણ**
ઉ.વ.ર.પ,ધંધો : કાંઈ નહીં, ધર્મે – હિન્દુ,
અરજદાર નં.ર વાળા સગીર હોઈ તેના વાલી
તરીકે માતા તે અરજદાર નં.૧ વાળા
બંને રહે.ગામ–મોટી નાગલપર,
અંજાર–કચ્છ. ............ **અરજદાર**

**વિ રૂ ધ્ધ**

૧. સુનીલભાઈ રસીકભાઈ ચૌહાણ

ઉ.વ.પુખ્તવયના, ધંધો : કાંઈ નહીં,

૨. જયોતીબેન હરેશભાઈ પરમાર,

ઉ.વ.પુખ્તવયના, ધંધો : ઘરકામ

રહે.ગામ–કુકમા, તા.ભુજ–કચ્છ.

૩. રસીકભાઈ રણછોડભાઈ ચૌહાણ

ઉ.વ.પુખ્તવયના, ધંધો : વેપાર

૪. જમનાબેન રસીકભાઈ ચૌહાણ

ઉ.વ.પુખ્તવયના, ધંધો : ઘરકામ

૫. વાસુદેવભાઈ રસીકભાઈ ચૌહાણ

ઉ.વ.પુખ્તવયના, ધંધો : કોન્ટ્રાકટર

૬. ઉર્મીલાબેન વાસુદેવભાઈ ચૌહાણ

ઉ.વ.પુખ્તવયના, ધંધો : ઘરકામ

સામાવાળા નં.૧ તથા ૩ થી ૬ વાળા

રહે.મકાન નં.૩૨, શાંતીનગર,

દબડા, અંજાર–કચ્છ.

૭. કેતનભાઈ દયારામભાઈ પરમાર

ઉ.વ.પુખ્તવયના, ધંધો : ઘરકામ

રહે.ખેતરપાળ સોસાયટી, અંજાર–કચ્છ. ............સામાવાળાઓ

---

**બાબત: ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ ૨૦૦૫ ની કલમ–૧૨ તળે ફરીયાદ અરજી.**

---

**અરજદાર તરફે વિ.વ. શ્રી બી.એમ.અભાણી**

**સામાવાળા તરફે વિ.વ.શ્રી એ.કે.બાંભણીયા**

**:: ઠ રા વ ::**

(૧.૧) આ કામે અરજદારની અરજીની હકીકત એવી છે કે અરજદાર નં.૧ વાળાના લગ્ન તા.૧૨/૧૨/૨૦૧૭ ના રોજ સામાવાળા સાથે સમાજના રીત રીવાજ અને વિધી મુજબ ગામ–મોટી નાગલપર, તા.અંજાર મધ્યે થયેલ છે. અરજદાર સામાવાળાના કાયદેસરના પત્ની છે. લગ્ન બાદ અરજદાર પતિગૃહે દબડા, શાંતીનગર, અંજાર–કચ્છ મધ્યે સંયુકત પરીવારમાં રહેવા ગયેલા અને તેમના પરિવારમાં તેમના પતિ, સાસુ–સસરા, જેઠ–જેઠાણી સાથે રહેતા હતા. અરજદારને સામાવાળા સાથેના લગ્નજીવન થી સંતાન થયેલ છે જે અરજદાર નં.ર વાળા છે અને હાલે તે અરજદાર નં.૧ વાળા સાથે રહે છે. શરુઆતમાં અરજદારનું લગ્ન સારું ચાલેલ. બાદ સામાવાળા અરજદારને પિયરમાંથી દહેજ લાવવા માટે દબાણ કરવા લાગેલ અને પૈસા લાવવા માટે સતત દબાણ કરતા હતા. અરજદારે ઘણી વખત તેના પિતા પાસેથી રોકડ રકમ લઈને સામાવાળાને આપેલ પણ છે પરંતુ તેઓને સંતોષ ન થતો અને વધુને વધુ માંગણી થતી હતી. સામાવાળાની માંગણી ન સંતોષાતા તેઓ અરજદાર ને શારીરિક–માનસીક ત્રાસ આપવાનું શરૂ કરેલ અને અરજદારને મારકુટ કરતા આ સિવાય ઘરના અન્ય લોકો તેમને રોકતા પણ નહીં. અરજદારના માતા–પિતા મધ્યમ વર્ગના હતા. સામાવાળા અરજદારના પરિવારને અવાર નવારને ધમકીઓ આપતા હતા. અરજદારને લગ્ન પ્રસંગ તેમના માતા પિતાએ યથા પ્રસંગ જે શકય હતું તે આપેલ તે તમામ કપડાલતા, તમામ ઘરવખરી સામાવાળા પોતાની પાસે રાખેલ છે અને અમુક દાગીના વેચી નાખેલ હોવાનું જણાવેલ છે. અરજદાર નં.૧ વાળાને ૩ માસનો ગર્ભ હતો તે સમયે અરજદારના જેઠ મકાન બનાવતા હોઈ તેઓના પ્લોટનું ભુમી પુજન રાખવામાં આવેલ તે પ્રસંગમાં તમામ લોકો હાજર હતા અને તે બાબતની અરજદારને જાણ કરવામાં આવેલ ન હતી. અરજદારે સામાવાળાને પુછેલ કે આપણા ઘરના પ્રસંગમાંમ ારે કેમ નોતરું નહી તેવું પુછતા સામાવાળા ઉશ્કેરાઈ ગયેલ અને અરજદારને ધકબુશટનો માર મારી પહેરેલ કપડે ઘરમાંથી કાઢી જણાવેલ કે તું ઘરનો સભ્ય નથી એટલે તને કાંઈ જાણ કરવામાં નહી આવે નીકળી જા મારા ઘરથી તેમ કહી અરજદારને ઘરમાંથી કાઢી મુકેલ. તે સમયે અરજદાર આશરે ૨૦ દિવસ સુધી તેઓએ અરજદારની કોઈ પુછા ન કરતા

અરજદારના માતા–પિતાએ આજીજી કરી સમાધાન કરવાના પ્રયાસ કરેલ ત્યારે અરજદાના સાસુ, જેઠ–જેઠાણી તથા નણંદવાળા તેણીના પિતાને જણાવેલ કે હવે તેને સાથે ઘરે નહી રાખીએ. મારા દિકરા સાથે અલગ રહે તો મોકલો. જેથી અરજદારના પિતાએ તે શરત પણ માની અલગ રાખવા તૈયારી દર્શાવી અને અરજદારને ફરી સાસરે મોકલેલ અને બાદમાં અરજદાર સામાવાળા સાથે અલગ રહેવા ગયેલ. ત્યારબાદ થોડા સમય સારું ચાલેલ બાદ સામાવાળાએ ધંધા માટે રુપીયાની માંગણી કરતા અરજદારના પિતાએ ર લાખ રૂપીયા ઉછીના તેમને આપેલ છે. આ સિવાય અરજદારના સ્ત્રી ધનના દાગીના જેમ કે, ચેન, વીંટી તથા સેટ પણ તેઓએ ગીરવી મુકીને પૈસા ઉપાડેલ છે તે બાબતે પણ અરજદારએ કોઈ સવાલ કરેલ નથી. બાદમાં ડીલીવરી સમયે અરજદાર તેના માતા પિતાના ઘરે રહેતા હતા અને પુત્રી સાન્વીનો જન્મ થયેલ. ત્યારબાદ અરજદારને દિકરો જોઈતો હતો તે દિકરી જણી છે એવું કહી ફરીથી સામાવાળા મેણા ટોણા મારવા લાગેલ અને અવાર નવાર મારકુટ કરતા તેઓ અરજદારને છુટાછેડા આપી દેવા દબાણ કરતા અને સામાવાળા તેના ભાઈ સાથે મોટા મકાનો બનાવવાનું સિવીલ કોન્ટ્રાકરટનું કામ કરી તેઓ મોટી આવક મેળવતા હોવા છતાં ઘર ચલાવવા માટે કોઈ રકમ આપતા ન હતા.તા.૬/૯/૨૦૨૨ ના રોજ અરજદારએ તેમની નણંદ નામે ''જયોતિ'' ને ઘરે આવવા માટે આમંત્રણ આપી સંબંધો સુધારવા પ્રયત્ન કરતા સામાવાળા અચાનક બપોરના ભાગે ઘરે આવીને સીધુ ઘરની તમામ વસ્તુ અને સરસામાન ઉલટફુલટ કરી નાખી જે વસ્તુ હાથ લાગે તે ઉગામી મારવા લાગેલ અને મા–બેન સામે ભુંડી ગાળો આપીને એક વાત કહેવા લાગેલ કે તે મારી બહેનને ફોન કેમ કર્યો. આ વાત પર તેઓ એટલા ઉશ્કેરાઈ ગયેલ અને અરજદારની કોઈપણ વાત સાંભળ્યા વિના તેનું મંગલસૂત્ર તથા તેમની દિકરીએ પહેરેલ ચેન ગળામાંથી ખેંચી લઈ બંનેને પહેરેલ કપડે મારકુટ કરી ઘરમાંથી કાઢી મુકેલ. બાદ અરજદાર તેના પિતાના ઘરે રહે છે અને ત્યાં પણ સામાવાળા અરજદાર તથા તેણીના પિતાના મોબાઈલ ઉપર સતત ફોન કરી ધમકીઓ આપતા હોવાનું જણાવેલ છે. આ તમામ બનાવને કારણે અરજદાર કોઈ જ કામ ધંધો કરી શકે તેવી હાલતમાં હાલમાં નથી અને તેણી તેના માવિત્રે બોજ બનીને રહે છે. સામાવાળાએ જયારથી તેણીને ઘરમાંથી કાઢી નાખેલ ત્યારથી તેણીનું ભરણપોષણની કોઈ

દરકાર લીધેલ નથી. આ કામના સામાવાળા હાલે મોટા મોટા મકાનો તથા સરકારી સિવીલ કામો કરી માસીક રૂા.૧,૦૦,૦૦૦/− થી પણ વધુ કમાઈ લે છે. સામાવાળાના નામે મકાન, જમીનો તથા મિલકતો અને વાહનો આવેલ છે તેમછતાં અરજદારોના ભરણપોષણની કોઈ પુછા કરેલ નથી કે કોઈ દરકાર લીધેલ નથી. અરજદારના માવિત્ર મધ્યમ વર્ગના કુંટુંબના છે અને તેઓ અરજદારોનું ભરણપોષણ કરી શકે તેમ નથી. અરજદાર પાસે આવકનો કોઈ સ્ત્રોત નથી. અરજદાર તેના માવિત્ર ે બોજ બનીને રહે છે. અરજદારની ઉપરોકત બનાવના કારણે તબીયત નાદુરસ્ત રહેતી હોઈ તેની સારવારનો ખર્ચ તેના માવિત્રો ઉઠાવી રહે છે. જે ખર્ચની સામાવાળાએ કોઈ દરકાર લીધેલ નથી.

આમ, અરજદાર નં.૧ ને માસીક ભરણ−પોષણ, કપડા લતા, દવા−દારૂ માટે રૂા.૨૫,૦૦૦/− જેટલો ખર્ચ થાય છે તેમજ ઘરભાડાનો માસીક ખર્ચ રૂપીયા રૂા.૪,૦૦૦/− થાય છે આ કામના સામાવાળા નં.૨ બાલમંદિરમાં દાખલ કરવાના હોઈ તેના ભણતરનો ખર્ચ માસીક રૂા.૪,૦૦૦/− તેમજ માનસીક યાચનાના માસીક રૂા.૧૨,૦૦૦/− તેમજ વળતરના ખર્ચની રકમ સામાવાળા નં.૧ એ કોઈ દરકાર લીધેલ ન હોવાથી હાલની અરજી કરેલ છે. સામાવાળા સાધન સંપન્ન અને સુખી કુંટુંબના છે. આમછતાં અરજદારના ભરણપોષણ અને ઘરભાડાની ઉપેક્ષા કરેલ છે. આ સિવાય અન્ય સામાવાળા નં.૨ થી ૭ વાળાએ અરજદારને તથા તેમની દિકરીને ગમે ત્યારે રસ્તામાં રોકીને હાની પહોચાડી શકે તેમ છે તેમજ કોઈપણ રીતે નુકશાન પહોચાડી શકે તેમ છે જેથી તેઓને હાલની અરજીમાં જોડવામાં આવેલ છે. સામાવાળા નં.૨ થી ૬ વાળાની ચડામણી ચડીને સામાવાળા નં.૧ વાળાએ અરજદારને મારકુટ કરેલ છે અને અરજદારને ઘરમાંથી પહેરેલ કપડે કાઢી મુકેલ છે. આમ આ કામના સામાવાળાને ના.કોર્ટ રુબરુ બોલાવી તેમના પાસેથી અરજદાર નં.૨ ના ભણતરનો ખર્ચ, ઘરભાડાનો ખર્ચ, માનસીક યાચનાનો ખર્ચ કુલ્લે રૂા.૨૦,૦૦૦/− અપાવવા તેમજ હાલની ફરીયાદમા ંમાંગેલ અન્ય તમામ દાો અપાવવા અરજ કરેલ છે.

અરજદારને ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ−૧૮ હેઠળ રક્ષણનો આદેશ

મળવા, કલમ–૧૯ હેઠળ મકાન ભાડાના રૂા.૪,૦૦૦/– ચુકવી આપે, કલમ–૨૦ હેઠળ બંને અરજદારોના ખોરાક, વસ્ત્ર, દવાઓ તથા અન્ય પાયાની જરૂરીયાતો માટે રૂા.૨૫,૦૦૦/– તથા કુલ માસીક રૂા.૩૩,૦૦૦/– ભરણપોષણ, ઘરભાડુ, ભણતર તેમજ મકાન ભાડુ રૂા.૪,૦૦૦/– તથા કલમ–૨૨ હેઠળ સામાવાળાએ અરજદારને સતત માનસીક તેમજ શારીરિક રીતે ત્રાસ આપેલ હોઈ તેમની શાંખ તેમજ પ્રતિષ્ઠાને હાની પહોચાડવાનો કૃત્ય કરેલ હોઈ અરજદારને માનસીક વેદનાના વળતર પેટે રૂા.૧,૦૦,૦૦૦/– અલગથી ચુકવી આપે તેમજ નામદાર અદાલતમાં માંગવામાં આવેલ દાદ મંજુર કરે અને ના.કોર્ટને યોગ્ય જણાય તેવા આદેશો કરવા અરજ કરેલ છે.

(૨) આ કામે અરજદાર તરફે હાલની અરજી કોર્ટ સમક્ષ રજુ કરતા સદરહું અરજી અંગે પ્રોટેકશન ઓફીસરનો ઘરેલુ હિંસા અંગેનો રીપોર્ટ મંગાવવાનો હુકમ કરવામાં આવેલ અને પ્રોટેકશન ઓફીસર દવારા ઘરેલુ હિંસા અંગેનો રીપોર્ટ આંક–૭ થી રજુ થયા બાદ આ કામના સામાવાળાઓને આ અરજી અંગેની નોટીસ કરવાનો હુકમ થયેલ છે.

(૩) અરજદારની અરજી દાખલ થતા સામાવાળાને નોટિસ ઈસ્યુ કરતાં નોટીસ બજી પરત આવેલ છે અને સામાવાળાઓ તરફે વિ.વ.શ્રી એ.કે.બાંભણીયા હાજર થયેલ છે. સામાવાળા તરફે આંક–૧૪ થી જવાબ રજુ કરી જણાવેલ છે કે અરજદારે સામાવાળા તથા તેમના પરીવારજનોને હેરાન પરેશાન કરવા તથા તેમના પર દબાણ લાવવા હાલની અરજી કરેલ છે. અરજદારે ભરણપોષણની અરજીમાં બંને અરજદારના ભ.પો. પેટે રૂા.૨૫,૦૦૦/– ની માંગણીક રેલ છે તેમજ હાલની અરજીમાં ફરીથી ભ.પો. માટે રૂા.૨૫,૦૦૦/– તથા ભાડાની રકમ માટે રૂા.૪,૦૦૦/– તથા અરજાદર નં.૨ ના શાળા ખર્ચની રકમ રૂા.૪,૦૦૦/– તેમજ માનસીક ત્રાસના રૂા.૧૨,૦૦૦/– ની માંગણી કરેલ છે અતિશ્યોકિત માંગણીઓ હોવાનું જણાવેલ છે. સામાવાળા નં.૨ થી વાળા કયારેય અરજદારને લગ્ન બાદ મળવા ગયેલ હોય કે તેમના પરીવારમાં દખલગીરી કરેલ હોય તેવું બનેલ નથી. અરજદાર તેમના સાસુ–સસરા, જેઠ–જેઠાણી સાથે

લાંબો સમય રહયા હોવાની વિગતો ખરી નથી. સદર અરજીના કામે સામાવાળાના અરજદાર સાથેના લગ્ન તથા સંતાનની હકીકતો સિવાયની હકીકતો ખોટી અને ઉપજાવી કાઢેલ છે. સામાવાળા અરજદારને વારંવાર પીયરમાંથી દહેજ લાવવાની માંગણી કરતા હોવાની હકીકત ઉપજાવી કાઢેલ છે તેમજ દહેજની માંગણી ન સંતોષાતા મારઝુડ કરી ધુત્કારતા અને અરજદારના પરિવારજનો ને ધમકી હોવાના ખોટા આક્ષેપો કરેલા છે. સામાવાળા જણાવે છે કે સામાવાળા તેમના ભાઈ વાસુભાઈ સાથે ધંધો–કન્સ્ટ્રકશન કામ મજુરીથી રાખી સાથે કામ કરતા હતા અને આવકમાંથી સંયુકત રીતે ગુજરાન ચલાવતા હતા ત્યારે લગ્ન ના થોડા મહીના બાદ જ અરજદાર સામાવાળાને દબાણ લાવવા લાગેલ અને કહેલ કે '' મોટાભાઈ સાથે ધંધો કરો છો આવક તો બધી એ લઈ જાય છે. તમને માત્ર ઘરખર્ચ આપે છે તમે સ્વતંત્ર અલગ ધંધો શરુ કરો '' ત્યારે સામાવાળાએ તેણીને જણાવેલ કે હાલે નવો ધંધો શરુ કરવા પણ રોકાણ કરવું પડે અને મસ મોટી રકમ હાથ પર જોઈએ, ત્યારે અરજદાર સામાવાળા પર ગુસ્સે થયેલ અને કહેલ કે '' તું તારાભાઈ, બહેનનો ગુલામ છો '' અરજદાર ઘ્વારા તેમના ભાઈના મકાનના ભુમી પુજનમાં ન બોલાવેલ હોવાની હકીકત ખરી નથી. અરજદારે સ્વેચ્છાએ આવવાની ના પાડી દીધેલ અને સામાવાળાના ભાઈ–ભાભી સાથે અભદ્ર વ્યવહાર કરેલ છે અને આ બાબતને લઈને સામાવાળાએ અરજદાર સાથે મારકુટ કરેલ હોવાની અને ઘરમાંથી કાઢી મુકલ હોવાની તથા જેઠ જેઠાણી અને નણંદ હવે ન રાખવાની વાત કરેલ હોવાની હકીકત પાયા વિહોણી હોવાનું જણાવેલ છે. વધુમાં જણાવે છે કે પુત્રીના જન્મ વખતે સામવાાળાને અપાર ખુશી થયેલ હતી અને અરજીમાં મેણા ટોણા મારેલ કે દીકરો જોઈતો હતો તે આક્ષેપ ખોટા કરેલ છે ઉલટાનું અરજદારને દીકરી સાન્વીને મળવા ફોન કરતા તેણીએ ધાક ધમકી કરેલ છે. સામાવાળા નં.૧ વાળાએ અરજદારના પિતા પાસેથી રકમ રૂા.૨,૦૦,૦૦૦/– લીધેલ હોવાની વિગતો ખોટી છે. અરજદારે સ્વેચ્છાએ સામવાાળાનો ઘરનો ત્યાગ કરેલ છે અને ભાડાના મકાનમાં રહરેતા તે ભાડના મકાનમાંથી સ્વેચ્છાએ સામાવાળા નં.૧ ને જાણ કર્યા વિના પોતાના દર, દાગીના કપડા લતા લઈ ઘરનો ત્યાગ કરેલ છે. અરજદાર અલગ ભાડાના મકામાં રહેતા હોવની ખોટી કીકતો ઉભી કરેલ છે તેમકાન તેમાન બહેન બનેવીનું છે અને ભરણપોષણની રકમ પડાવવા તેનો

ભાડા કરાર ઉભો કરેલ છે. અરજદાર તેના ભાડાની રકમ રૂા.૪,૦૦૦/– ચુકવતા હોવાની હકીકત ખરી નથી. કારણ કે નાગલપર નાનુ ગામડું છે જેમાં રૂા.૪,૦૦૦/– ભાડું હોવાની હકીકત ખરી નથી. અરજદાર તા.૦૬/૦૯/૨૦૨૨ ના રોજ સામાવાળાની ગેરહાજરીમાં ભાડાના મકાનંથી પોતાનો સરસામાન લઈ માવિત્રે ચાલ્યા ગયેલ છે અને અને પોતાના માવિત્રે જ રહે છે. સામાવાળા નં.૧ તા.૦૯/૧૦/૨૦૨૨ નારોજ સમાજના સમાધાન બાબતે અરજી આપેલ. જે અરજીના કામે સામાવાળાને બોલાવેલ અને તેઓનો વાંક નીકળતા તેઓ ચાલ્યા ગયેલ. સામવાાળા નં.૧ કોઈ સીવીલ કોન્ટ્રાકટર તરીકે મોટા કામ કરતા નથી. તેઓ હાલે ઉમંગ  કન્સ્ટ્રકશન સાઈટ પર દેખરેખનું કામ કરે છે અને માસીક રૂા.૧૧,૦૦૦/– જેટલી આવક મેળવે છે આ કામ હંગામી સ્વરૂપમાં છે જો ત્રણ ચાર માસમાં કામ પૂરું થઈ જાય તો બેસી રહેવું પડે છે. સામાવાળા ઉપર તેમા માતા પિતાની જવાબદારી પણ છે. સામાવાળા નં.૧ કે તેમના પરીવારજનો સામાવાળા નં.૨ થી ૭ વાળા ધ્વારા કોઈ શારીરિક, માનસિક ત્રાસ આપેલ નથી કે તેમને ઘરે જઈ કે ટેલીફોનીક ધાક, ધમકી કરેલ નથી કે કૌટુંબીક હીંસા આચરેલ નથી. અરજદાર સ્વતંત્ર જીવન જીવવા માંગતી  હોઈ અને સામાવાળાનું ઘર વસાવવા તૈયાર નથી. તેણી પોતે જ પોતાનો ઘરસંસાર તેણીના માતા–પિતા તથા અન્યની ચઢ મણીને વશ થઈ બગાડેલ છે. અરજદારે સામાવાળાનો સ્વેચ્છાએ ત્યાગ કરી ત્યારબાદ સામાવાળા વિરૂધ્ધ અરજી કરેલ હતી. જે અરજી બાદ સામાવાળાને પોલીસ સ્ટેશન બોલાવેલ અને તેઓ ધ્વારા અરજદારની પુછપરછ કરતા મહીલા પોલીસે તેમને જણાવેલ હતું કે બહેન તમારો વાંક છે આ મેટરમાં અરજદાર ત્યાં નીષ્ફળ જતા હાલની અરજી કરેલ છે.  આમ, અરજદારે સ્વેચ્છાએ સામાવાળાનો ત્યાગ કરી સામાવાળાઓને હેરાન પરેશાન કરવા હાલની અરજી કરેલ છે. સામાવાળા માસીક રૂા.૧૧,૦૦૦/– આવક મેળવે છે. જેથી અરજીમાં માંગ્યા મુજબની દાદ અરજદાર મેળવવા હકકદાર થતાં ન હોવાનું જણાવેલ છે.

(૪) આ કામે અરજદાર દવારા નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

## – :: મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ::–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| (૧) | અરજદાર પ્રીતીબેન વા/ઓ.સુનીલભાઈ ચૌહાણની જુબાની ઉલટતપાસ સહીત | આંક–૧૬ |
| (૨) | અરજદારનો ઓળખ અંગેનો આધાર | આંક–૧૮ |
| (૩) | લગ્નનું પ્રમાણપત્ર | આંક–૧૯ |
| (૪) | પુત્રી સાન્વીના જન્મનો દાખલો | આંક–૨૦ |
| (૫) | પોલીસ સ્ટેશનમાં આપેલ ફરીયાદની નકલ | આંક–૨૧ |
| (૬) | ભાડા કરારની નકલ | આંક–૨૨ |
| (૭) | બેંક સ્ટેટમેન્ટની નકલ | આંક–૨૩ |

અરજદાર તરફે ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવો રજુ થયેલ નથી.

(૪) આ કામે સામાવાળા દવારા નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

## – :: મૌખિક પુરાવો ::–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| (૧) | સામાવાળા સુનીલ રસીકભાઈ ચૌહાણની જુબાની ઉલટતપાસ સહીત | આંક–૨૯ |
| (૨) | સામાવાળાના સાહેદ વાસુદેવ રસીકભાઈ ચૌહાણની જુબાની ઉલટતપાસ સહીત | આંક–૩૧ |
| (૩) | સામાવાળાએ સમાજ મધ્યે સમાધાન બાબતે કરેલ અરજીની નકલ | માર્ક–૧૫/૧ |

ઉપરોકત પુરાવા બાદ અરજદારના વિ.વ.શ્રી તરફે આંક–૩૬ થી લેખીત દલીલ રજુ કરેલ છે જે વંચાણે લીધેલ. ત્યારબાદ સામાવાળાના વિ.વ.શ્રી તરફે આંક–૩૭ થી લેખીત દલીલ રજુ થયેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે. જેની વધુ ચર્ચા બિનજરુરી પુનરાવર્તન ટાળવાના હેતુંસર નીચેના મુદાના કારણોમાં ચર્ચા કરેલ છે.

(૬) હાલની અરજીના નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– :: મુ દ્દા ઓ ::–**

૧. શું અરજદાર પુરવાર કરે છે કે, સામાવાળાઓ તર્ફેથી ઘરેલું હિંસા સામે સ્ત્રી રક્ષણ અધિનિયમ–૨૦૦૫ની કલમ ૧૨(૧) માં નિર્ધારિત કરેલ ઘરેલું હિંસાનો ભોગ બનાવેલ છે. ?

૨. શું અરજદાર સ્ત્રી રક્ષણ અધિનિયમ–૨૦૦૫ની કલમ ૧૮ હેઠળ રક્ષણ મેળવવા હકકદાર છે ?

૩. શું અરજદાર સ્ત્રી રક્ષણ અધિનિયમ–૨૦૦૫ની કલમ ૧૯ હેઠળ રહેઠાણના હુકમો/વિકલ્પે મકાન ભાડું મેળવવા હકકદાર છે ?

૪. શું અરજદાર સ્ત્રી રક્ષણ અધિનિયમ–૨૦૦૫ની કલમ ૨૦ હેઠળ નાણાકીય સહાયના હુકમો મેળવવા હકકદાર છે.? જો હા તો કેટલું મેળવવા હકકદાર છે?

૫. શું અરજદાર સ્ત્રી રક્ષણ અધિનિયમ–૨૦૦૫ની કલમ ૨૨ હેઠળ વળતર મેળવવા હકકદાર છે?

૬. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧) અંશત: હકારાત્મક

૨) નકારાત્મક

૩) અંશત: હકારાત્મક

૪) નકારાત્મક

૫) નકારાત્મક

૬) આખરી હુકમ મુજબ.

**– :: નિર્ણય માટેના કારણો ::–**

**(૦૮) મુદ્દા નં.(૧) થી (૫) :–**

સદર કામે પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા આ તબકકે કૌટુંબિક હિંસાથી સ્ત્રી રક્ષણની કાયદાની કલમ–૩માં કૌટુંબિક હિંસાની જે વ્યાખ્યા કરવામાં આવેલ છે તે વ્યાખ્યા કલમ–૩માં કરેલ છે. તેને લક્ષમાં લેતા હવે એ પણ તપાસવાનું રહે છે કે, આ કામના અરજદારને કલમ–૩ મુજબ કોઈ કૌટુંબિક હીંસા થયેલ છે કે કેમ ? આ કામે અરજદાર તર્ફે જે દલીલો કરેલ છે તેના સંદર્ભમાં આ કામમાં પડેલ પુરાવો ઉપરોકત હકીકતના સંદર્ભમાં તપાસવામાં આવે તેમજ ઘરેલું હિંસા ધારાની કલમ–૩ની વ્યાખ્યા મુજબ સામાવાળાઓ દ્રારા અરજદાર પરત્વે કોઈ ઘરેલું હિંસા આચરવામાં આવેલ છે કે કેમ ?

ઘરેલું હિંસાનો વ્યાપ જોઈએ તો ઉપેક્ષા એ ભાવાત્મક શબ્દ છે તેમજ માનસિક પ્રક્રિયા દ્રારા ફલીત થતી લાગણી છે. ઉપેક્ષા સામાન્ય રીતે વાણી અને વર્તનમાંથી ઉતરી આવે છે. પત્નીના કિસ્સામાં જોવામાં આવે તો પત્નીને અંગત જીવનમાં કૌટુંબિક રીતે તથા

બાહ્ય જીવનમાં સામાજીક રીતે એક પત્નીનો દરજજો પ્રાપ્ત થાય તે આવશ્યક છે. સતત અપમાનીત વ્યવહાર  માનસિક ત્રાસ ગણાય તમજ તે પ્રત્યક્ષ ઉપેક્ષા તથા આડકતરો ઈન્કાર ગણી શકાય. તેના કારણે વ્યકિતનું સ્વમાન ગણાય છે. તેમજ લાગણી દુભાય છે. માત્ર બે વખતનું જમવાનુ મળે અને રહેવા માટેનો આશ્રય મળે તે ભરણપોષણ માટે પુરતું નથી. પરંતુ માનવીને માનવ રીતે મુકવામાં આવે તે બાબત પણ અગત્યની છે.

ગૃહનો અર્થ માત્ર ચાર દિવાલો વચ્ચે જીવાતુ જીવન નથી પરંતુ ઉષ્માં, સ્નેહ, ઔર્ધ્ય, પ્રેમ, સહાનુભુતિ, સહયોગ, સહકાર, ઉમંગ, અપેક્ષા, ઉત્સાહ, ઔજસ્વિતા, શ્રમ, નિષ્ઠા, કયારેક સકારણ રોષથી યુકત ગૃહ જીવનની અપેક્ષા સ્ત્રીને હોય છે. ઉપરોકત ગુણની કમી કે અભાવના કારણે કોઈપણ સ્ત્રી પતિગૃહ ત્યજી અલગ વસી ન શકે સિવાય કે સ્ત્રીની સ્વાભાવિક અપેક્ષા પતિને ત્યા પરીપુર્ણ થતી ન હોય અપમાનિત અને પીડીત કક્ષામાં રહયા છતાં જો સ્ત્રી જીવી ન શકે તેવુ જણાય તો જ સ્ત્રી પોતાના પતિથી અલગ વસે છે. આમ, અરજદારનું ભાવાત્મક શોષણ અને માનસિક સુખાકારી હણાવી અને ભાવનાત્મક શોષણ થવુ એ કોઈ દ્રશ્ય બાબત નથી પરંતુ જે વ્યકિતએ તે બાબત અનુભવેલી હોય તે જ વર્ણવી અને અનુભવી શકે તે માટે કોઈ મૌખિક કે  લેખિત પુરાવો મળવો મુશ્કેલ છે. પતિ પત્નીના જીવનમાં અતરંગ બાતી વિશે ભાગ્યેજ કોઈને જાણ હોય છે અને આવા પ્રસંગે કાયદાનો જે ઉદેશ છે તેના લક્ષમાં લઈને પુરાવાની મુલવણી કરવામાં આવે છે.*આ કાયદાની કલમ–૩ જોઈએ તો, કલમ–૩ કૌટુબિંક હિંસાખોરીની વ્યાખ્યા:–*

આ અધિનિયમના હેતુઓ માટે પ્રતિવાદીઓનું કોઈપણ કૃત્ય, કાર્યલોપ, ગુનો આચરવો, કે વ્યવહાર કૌટુબિંક હિંસા ગણવામાં આવશે જો તે,

(એ) ભોગબનનાર વ્યકિતના આરોગ્ય, સુરક્ષા, જીવન, અવયવ કે તેની સ્વસ્થતા ઈચ્છે તે માનસિક હોય કે શારીરીક, તેને નુકશાન કે ઈજા પહોચાડે કે તેને ખતરામાં

મુકે અથવા તેમ કરવાનો ઈરાદો હોય અને તેમાં શારીરીક શોષણ, જાતીય શોષણ, શાબ્દિક અને ભાવનાત્મક શોષણ અને આર્થિક શોષણનો સમાવેશ થાય છે. અથવા

(બી) કોઈ દહેજ અથવા અન્ય મિલ્કત અથવા કિંમતી જામીનગીરી માટે ગે.કા. માંગણીને પુરી કરવા માટે ભોગ બનનાર વ્યકિત અથવા તેની સાથે સંબધિત વ્યકતિ પર દબાણ લાવવા ભોગબનનાર વ્યકિતને નુકશાન પહોચાડે, તેની પર અત્યાચાર કરે, તેને ઈજા પહોચાડે કે તેને ખતરામાં મુકે અથવા

(સી) કલોઝ(એ)અથવા કલોઝ(બી)માં જણાવેલ વ્યવહાર દ્રારા ભોગ બનનાર વ્યકિત કે તેની સાથે સંબધિતને ધમકી આપવા માટેનું હોય અથવા

(ડી) ભોગ બનનાર વ્યકિતને શારીરીક કે માનસીક રીતે, અન્ય કોઈ રીતે ઈજા પહોચાડે કે ઈજા પહોચાડવાનું કારણ બને.

આ સિવાય સ્પષ્ટીકરણ ૧ અને સ્પષ્ટીકરણ ૨ માં જણાવેલા સંજોગો અને કેસની હકીકતો ધ્યાને લઈ ઘરેલું હિંસામાં શારીરીક શોષણ, જાતીય શોષણ, શાબ્દીક અને ભાવનાત્મક શોષણ, આર્થીક શોષણ, વિગેરે બાબતોનો સમાવેશ થાય છે.

(૯) આ કામે મુદા નં.૧ થી ૫ એકબીજા હકીકતો અને પુરાવાઓથી જોડાયેલા હોય પુરાવાના વિશ્લેષણ સમયે હકીકતોનું પુરાવાઓનુ અને ચર્ચાનું પુનરાવર્તન ટાળવા અને ચુકાદાનું કદ મર્યાદામાં રાખવા તમામ મુદાઓની ચર્ચા એકી સાથે કરુ છું.

ઉપરોકત અરજદાર ની જુબાની તેમજ કૌટુબિંક હિંસા અધિનિયમની કલમ–૩માં જણાવેલ ઉપરોકત વ્યાખ્યા સાથે પુરાવાની મુલવણી કરીએ તો આ કામના સામાવાળા નં.૧ અરજદારના પતિ છે. અરજદારનું લગ્નજીવન શરુઆતમાં સામાવાળા સાથે સારી રીતે ચાલેલ ત્યારબાદ સામાવાળા નં.૧ તેણીના પિયરમાં દહેજ લઈ આવવા માટે દબાણ કરતા હતા અને

સામાવાળા નં.૧ ની દહેજની માંગણી ન સંતોષાતા તેઓ અરજદારને શારીરિક–માનસીક ત્રાસ આપતા હતા અને મારકુટ કરતા અને અરજદારના પરિવારને અવાર નવાર ધમકી આપતા હોવાનું જણાવેલ છે. અરજદાર ગર્ભવતી હતા અને તેણીને ત્રણ માસનો ગર્ભ હતો ત્યારે તેમના જેઠ (સામાવાળા નં.૫) વાળાનું મકાન બનાવતા હોઈ તે પ્લોટનું ભૂમીપુજન હોઈ તે પ્રસંગે ઘરના તમામ લોકો હાજર રહેલ પરંતુ અરજદારને તે બાબતે જાણ શુધ્ધા કરવામાં આવેલ ન હોવાનું જણાવેલ છે અને તે બાબતે અરજદારએ સામાવાળા નં.૧ ને આપતા ઘરના પ્રસંગમાં મારે કેમ નોતરું નહી તેવું પુછતા સામાવાળા નં.૧ ઉશ્કેરાઈ ગયેલ અને અરજદારને ધકબુશટનો માર મારેલ અને પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકેલ અને તે સમયે ૨૦ દિવસ સુધી અરજદારની કોઈ પુછા ન કરતા અને અરજદારના માવિત્રોએ સમાધાન કર્યા બાદ આ કામના સામાવાળા નં.૧ અરજદારને તેડવા આવેલા. ત્યારબાદ અરજદારને પુત્રી સાન્વીનો જન્મ થતાં સામાવાળા મેણા ટોણા મારવા લાગેલ અને ત્યારબાદ પણ અવાર નવાર મારકુટ કરી છુટાછેડા આપી દેવા માટે દબાણ કરતાં હતા. આ કામના સામાવાળા નં.૧ દારૂ પીને તથા જુગાર રમી બેફામ રૂપીયા ઉડાવતા હોવાનું જણાવેલ છે. અરજદારને સામાવાળા ધ્વારા શારીરિક–માનસીક ત્રાસ હોવા બાબતે આદીપુર મહીલા પો.સ્ટે.માં ફરીયાદ કરેલ છે. જે ફોજદારી કેસ નં.૧૪૧૨/૨૦૨૨ થી દાખલ થયેલ છે. જયારે આ કામના સામાવાળા નં.૧ ધ્વારા અરજદારએ તેમની અરજી તથા જુબાનીમાં જણાવેલ ઉપરોકત હકીકતોને નકરેલ છે અને સામાવાળા નં.ર થી ૭ વાળા કયારે અરજદારને લગ્ન બાદ મળવા ગયેલ હોય કે તેમના પરિવારમાં દખલગીરી કરેલ હોય તેવું બનેલ નથી. અરજદાર સાસુ–સસરા અને જેઠ–જેઠાણી સાથે લાંબો સમય રહેલ નથી. ઉલટાનું અરજદાર તથા સામાવાળા તથા તેમની બાળકી અલગ ભાડાના મકાનમાં રહેતા હતા. આમ સામાવાળા નં.ર થી ૭ વાળા કહેવાતા બનાવો વખતે સાથે રહેતા ન હોવાનું જણાવેલ છે તેમછતાં તેઓને હેરાન

પરેશાન કરવા માટે પક્ષકાર તરીકે જોડેલ હોવાનું જણાવેલ છે. વધુમાં તા.૬/૯/૨૦૨૨ ના રોજ પણ અરજદારએ સામાવાળા નં.૨ ને ઘરે આવવા આમંતત્રણ આપી સંબંધો સુધારવાનો પ્રયત્ન કરતા સામાવાળા નં.૧ ને આ બાબતની જાણ થતાં તેઓ ઉશ્કેરાઈ ગયેલા અને અરજદાર ઉપર હાથ ઉગામી મારવા લાગેલ અને મા–બેન સામે ભુંડી ગાળો આપી મારી બહેનને ફોન કેમ કર્યો અને તેઓ એટલા ઉશ્કેરાઈ ગયેલ કે અરજદારએ પહેરલ મંગલસુત્ર તથા તેમની દિકરીએ પહેરેલ ચેન ગળામાંથી ખેંચી લઈ પહેરેલ કપડે મારકુટ કરી  અરજદાર તથા તેમની પુત્રીને  ઘરમાંથી બહાર કાઢી મુકેલ. ત્યારબાદ અરજદાર તેના પિતાના ઘરે રહેવા ગયેલ. વધુમાં અરજદારને લગ્ન વખતે આપેલ તમામ દર દાગીના તથા કરીયાવરનો સામાન પણ રાખી મુકેલ છે અને અમુક દાગીના વેચી નાખેલ હોવાનું જણાવેલ છે. અરજદારએ તેમના પુરાવામાં જણાવેલ ઉપરોકત હકીકતોનો સામાવાળા ધ્વારા જવાબ કે પુરાવો રજુ કરી ખંડન કરવામાં આવેલ નથી. જેથી અરજદારે જણાવેલ ઉપરોકત હકીકતો માનવાને કારણ રહેલું છે. આમ, અરજદાર મુદા નં.૧ પુરવાર કરવામાં સફળ રહેલ હોઈ **મુદા નં.૧ નો નિર્ણય  હકારમાં આપવામાં આવે છે.**

હવે આ કામે મુદા નં.૨ અંગે પુરાવો જોઈએ તો ઘરેલું હિંસાની કલમ–૧૮ હેઠળ અરજદારે રક્ષણની માંગણી કરેલ છે પરંતુ અરજદાર તેણીના માવિત્રે રહેતા હોવાનું જણાવે છે, આ કામના સામાવાળાઓએ અરજદારના માવિત્રે જઈ તેની હેરાન પરેશાન કરેલ હોય કે તેણીની ઉપર સામાવાળાઓએ હિંસા આચરી શારીરિક–માનસીક ત્રાસ આપેલ હોય કે જેના કારણે અરજદાર પોતાનું રોજીદું જીવન જીવવા માટે અસમર્થન બનેલા હોય કે અરજદારને રસ્તામાં રોકી સામાવાળાઓએ હાનિ પહોચાડેલ હોય તેવી કોઈ હકીકત અરજદાર તરફે રજુ થયેલ પુરાવાથી સાબીત થતી નથી. આમ અરજદાર સામાવાળાઓ વિરૂધ્ધ કલમ–૧૮ હેઠળ રક્ષણ અંગેનો કોઈ હુકમ મેળવવા હકકદાર બનતા નથી. જેથી **મુદા**

**નં.૨ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.**

(૧૦) મુદા નં.૩ અંગે જોઈએ તો અરજદારે તેમની અરજીમાં સામાવાળાના સ્ટેટસ મુજબ આ કાયદાની કલમ–૧૯ હેઠળ મકાન ભાડા પેટે રૂા.૪,૦૦૦/– રહેઠાણની દાદ હુકમ કરવા અરજ કરેલ છે. વધુમાં અરજદારએ આંક–૨૨ થી ભાડા કરાર રજુ કરી તેઓ માસીક રૂા.૪,૦૦૦/– ભાડુ ચુકવતા હોવાનું જણાવેલ છે. સામાવાળાઓએ દલીલ કરતાં જણાવેલ છે કે અરજદારએ તેમના સંબંધીના નામનો ભાડા કરાર પાછળથી ઉભો કરેલ છે અને ચાલતા કામે રજુ રાખેલ છે. જેથી કલમ–૧૯ હેઠળ કોઈ દાદ મેળવવા અરજદાર હકકદાર બનતા ન હોવાનું જણાવેલ છે. આ કામે અરજદારએ સામાવાળા તેમના ભાઈ સાથે કન્સ્ટ્રકશનનું કામ કરી માસીક રૂા.૧,૦૦,૦૦૦/– આવક મેળવતા હોવાનું જણાવેલ છે જયારે સામાવાળા નં.૧ એ તેઓ ઉમંગ કન્સ્ટ્રકશન અંજાર મધ્યે સુપરવાઈઝર તરીકે કામ કરી રૂા.૧૧,૦૦૦/– આવક મેળવતા હોવાનું જણાવેલ છે. પરંતુ આ કામે સામાવાળા નં.૧ ની આવક દર્શાવતો કોઈ પુરાવો બંને પક્ષે રજુ થયેલ નથી. ત્યારે સામાવાળા નં.૧ ની આવક અંગે અનુમાન કરવું ઘટે. હવે, આ કલમ અન્વયે અરજદાર દવારા માંગવામા આવેલ દાદ અરજદારને આપી શકાય કે કેમ? તે અંગે જોવામા આવે તો અરજદાર સામાવાળાના સ્ટેટસ મુજબ મકાન ભાડે રાખી રહે શકે અથવા તો વૈકલ્પીક સુવિધા મુજબનું રહેઠાણ પૂરૂં પાડવાની જવાબદારી સામાવાળા ઉપર રહેલી છે. સામાવાળાએ અરજદારને રહેવા માટે મકાનની વ્યવસ્થા કરેલ હોય કે ભાડા પેટે કોઈ રકમ ચુકવેલ હોય તેવું જણાતું નથી. અરજદારએ સદર કલમ–૧૯ હેઠળ રૂા.૪,૦૦૦/– ની માંગણી કરેલ છે પરંતુ આ કામે સામાવાળાની આવક અંગેનો કોઈ પુરાવો અરજદાર રજુ રાખેલ નથી. તેવા સંજોગોમાં હાલના અરજીના કામે કલમ–૧૯ હેઠળ મકાન ભાડા પેટે રૂા.૪,૦૦૦/– ની દાદ અતિશયોકિત ભરેલ હોવાનું જણાય છે. જેથી મુદા નં.૩ અન્વયે અરજદારને મકાન ભાડા પેટે રૂા.૨,૦૦૦/– દર માસે ચુકવવામાં આવે તો ન્યાયી

જણાય છે. જેથી **મુદા નં.૩** નો નિર્ણય **અંશત: હકારમાં આપું છું.**

(૧૧) મુદા નં.૪ અંગે જોઈએ તો અરજદારએ સી.આર.પી.સી.કલમ–૧૨૫ અન્વયે પોતાનું તથા સગીર પુત્રીના ભરણપોષણ મેળવવા માટે ફો.પ.અ.નં.૨૪૧/૨૦૨૨ વાળી દાખલ કરેલ છે. જે અરજી હાલની અરજી સાથે નિર્ણિત કરવાની હોઈ, જેથી હાલની અરજીના કામે અલગથી કોઈ નાણાકીય રાહત અંગેનો હુકમ મેળવવા અરજદાર હકકદાર બનતા નથી. જેથી **મુદા નં.૪ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.**

વધુમાં સદર અરજીના કામે અરજદારે નુકશાન વળતર પેટે આ કાયદાની કલમ–૨૨ મુજબ રૂા.૧,૦૦,૦૦૦/– અપાવવા રજુઆત કરેલ છે, પરંતુ રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતા અરજદાર પ્રત્યે આચરવામા આવેલ ઘરેલુ હીંસા અંગે કોઈ વિશેષ મેડીકલ ખર્ચ થયેલ કે સામાવાળા ધ્વારા અરજદારને કોઈપણ પ્રકારે નુકશાન પહોચાડેલ હોય તેવો કોઈ આધાર પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી, તેવા સંજોગોમાં અરજદાર મુદદા નં.૫ પુરવાર કરવામાં નીષ્ફળ રહેલ છે જેથી મુદા **નં.૫ નો નિર્ણય નકારમાં** આપી ન્યાયના હીતમા મુદા નં.૬ અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

૧. અરજદારને ઘરેલુ હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અધિનીયમની કલમ–૧૨ મુજબની હાલની અરજી સામાવાળા નં.૧ સામે અંશત: મંજુર કરવામાં આવે છે. જયારે બાકીના સામાવાળાઓ પુરતી હાલની અરજી રદૃ કરવામાં આવે છે.

૨. આ કાયદાની કલમ–૧૯ મુજબ આ કામના સામાવાળા નં.૧ એ અરજીની તારીખથી અરજદારને મકાન ભાડા પેટે માસીક રુા.૨,૦૦૦/–(અંકે રૂપીયા બે હજાર પુરા) ચડયે ચડયા દર માસે નિયમિત ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કાયદાની કલમ–૨૪ અન્વયે અરજીના સદરહુ હુકમની એક નકલ આ કામના અરજદારને ફ્રી ઓફ કોસ્ટ આપવી.

૪. આ કાયદાની કલમ–૨૦(૪) અન્વયે અરજીના સામાવાળા નં.૧ જે સ્થાનીક હુકમત હેઠળ રહેતા હોય તે પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધીકારીને તથા પ્રોટેકશન ઓફિસર ને જાણ સારુ તથા હુકમ મુજબ અમલવારી થવા સારૂ મોકલી આપવી.

૫. આ અરજીના ખર્ચ પેટે સામાવાળાનં.૧ નાઓએ અરજદારને રૂ. ૫૦૦/– (અંકે રૂપીયા પાંચસો પુરા ) અલગથી ચુકવી આપવા.

અંજાર–કચ્છ.
તારીખ : ૦૪ –૦૩–૨૦૨૪

**(શ્રીમતી ડી.આર.ઠાકુર)**
બીજા એડિશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અંજાર–કચ્છ.
Code : GJ01241